મળ્યા તારીખઃ ૦૪.૧૧.૨૦૨૦
નોંધ્યા તારીખઃ ૦૪.૧૧.૨૦૨૦
ઠરાવ તારીખઃ ૦૬.૦૮.૨૦૨૧
સમયઃ ૦૦ વર્ષ, ૦૯ માસ, ૦૨ દિવસ

**ઉમરેઠનાં મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ઉમરેઠ**

**<u>ક્રિ.કેસ નં.૧૯૧૭/૨૦૨૦</u>**
**આંકઃ ૧૩**

**<u>ફરીયાદીઃ</u>**
કાનજીભાઈ મોહનભાઈ રાઠોડ,
ઉ.વ.૬૪, ધંધો ખેતી,
રહે.બોરડી, તા.ઠાસરા, જિ.ખેડા,

**વિરુદ્ધ**

**<u>તહોમતદારઃ</u>**
કીરીટભાઈ ડાહ્યાભાઈ પરમાર,
ઉ.વ.૪૫, ધંધો ખેતી,
રહે.ખીજલપુર (તળપદ) માનબા શીલીલાટ ખીજલપુર, તા.ઠાસરા, જિ.ખેડા,

**ફરિયાદી તરફે વિ.વ.શ્રી આર.પી.ભટ્ટ**
**આરોપી તરફે વિ.વ.શ્રી –**

**<u>ફરિયાદઃ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ</u>**

**<u>ઠ રા વ</u>**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકી વિગત એવી છે કે, ફરિયાદી અને આરોપી મિત્રો થતાં હોય આરોપીને હોમ લોન તથા પાક ધીરાણ

ભરવાના કામ માટે રુ.બાવીસ લાખની જરૂર પડતા ફરિયાદીએ આરોપીને રૂ.૨૨,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલા અને જેની ચુકવણી માટે આરોપીએ ફરિયાદીને એક ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રૂ.૧૦,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૧૯૬૮૪ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, ડાકોર શાખાનો આપેલ અને બીજો ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રૂ.૧૨,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૦૯૯૯૯ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, થામણા શાખાનો આપેલ અને ચેકના નાણાં પાકતી તારીખે ચોક્કસ મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ તેમ છતાં સદર બન્ને ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા ચેક નં.૦૦૯૯૯૯ અપુરતા ભંડોળના શેરા સાથે તથા ચેક નં.૦૧૯૬૮૪ ડ્રોઅર સીગ્નેચર ડીફરના શેરા સાથે તા.૦૫.૦૨.૨૦૨૦ના રોજ પરત ફરેલ જે અંગે ફરિયાદીએ આરોપીને તા.૦૪.૦૩.૨૦૨૦ના રોજ રજી.પો.એ.ડી.થી નોટિસ આપેલ જે આરોપીએ રીફ્યુઝ કરતા પરત આવેલ આમ આરોપીને નોટીસની જાણ છે તેમ છતાં આરોપીએ નિયત સમય મર્યાદામાં બંને ચેકોની રકમ ચુકવી આપેલ નથી. આમ, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે જેથી આરોપી વિરુધ્ધ ફરિયાદીની કાયદેસર ફરિયાદ છે.

**૨.** સદર ફરિયાદ કોર્ટમાં રજુ કરતા સદર ફરિયાદીની ફરિયાદ અન્વયે ફરિયાદીનું વેરીફીકેશન નોંધી, આરોપી વિરુધ્ધ નેગો.ઈ.એકટ કલમ-૧૩૮ મુજબના ગુના માટે સમન્સ કાઢવાનો તા.૦૪.૧૧.૨૦૨૦ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

**૩.** આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ હાજર થયેલા છે અને આરોપીને ફરિયાદની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ તા.૧૦.૦૩.૨૦૨૧ ના રોજ આરોપીની આંક ૪થી પ્લી નોંધતા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આરોપીને ચેકની ૨૦ ટકા રકમ ભરવાની વારંવાર તાકીદ કરવા છતાં રકમ ભરપાઈ ન કરતા આરોપીનો **બચાવ કરવાનો હક્ક બંધ કરતો હુકમ તા.૦૬.૦૪.૨૦૨૧ ના** રોજ આંક ૧ લગત કરવામાં આવેલ છે.

**૪.** ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે: -

**મૌખિક પુરાવો:**

| અ.નં. | વિ ગ ત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ ફરિયાદી કાનજીભાઈ મોહનભાઈ રાઠોડનું સરતપાસનું સોગંદનામું/ જુબાની | ૫ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ</u>**

| અ.નં. | વિ ગ ત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક | ૭, ૮ |
| ૨ | ચેક રીટર્ન મેમો | ૯, ૧૦ |
| ૩ | નોટિસની સ્થળ પ્રત | ૧૧ |
| ૪ | નોટીસનો રીફ્યુઝડ અસલ કવર | ૧૨ |

આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

**૫.** સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

**<u>મુ દ્દા ઓઃ</u>**

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીને તેમના કાયદેસરના બાકી લેણાં અંગે ફરિયાદીના નામના એક ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રૂ.૧૦,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૧૯૬૮૪ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, ડાકોર શાખાનો આપેલ અને બીજો ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રૂ.૧૨,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૦૯૯૯૯ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, થામણા શાખાનો આપેલ અને ચેકના નાણાં પાકતી તારીખે ચોક્કસ મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ તેમ છતાં સદર બન્ને ચેકો ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા ચેક નં.૦૦૯૯૯૯ અપુરતા ભંડોળના શેરા સાથે તથા ચેક નં.૦૧૯૬૮૪ ડ્રોઅર સીગ્નેચર ડીફરના શેરા સાથે તા.૦૫.૦૨.૨૦૨૦ના રોજ પરત ફરેલ જે અંગે ફરિયાદીએ આરોપીને તા.૦૪.૦૩.૨૦૨૦ના રોજ રજી.પો.એ.ડી.થી નોટિસ આપેલ જે આરોપીએ રીફ્યુઝ કરતા પરત આવેલ અને આરોપીએ ફરિયાદીને ચેકવાળા નાણાં નિયત સમયમાં ન ચુકવી ધી નેગો.ઈ.એકટ કલમ-૧૩૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છેઃ
૧. હકારમાં.
૨. આખરી હુકમ મુજબ.

**કા ર ણોઃ**

**મુદ્દા નં. ૧ તથા ૨.**

**૭.** ધી નેગો.ઈ.એકટ કલમ–૧૧૮ તથા ૧૩૮–૧૩૯ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છેઃ

**118.** Presumptions as to negotiable instruments.- Until the contrary is proved, the following presumptions shall be made :
(a) of consideration: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

**138.** Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.- Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the Bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that

Bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the cheque has been presented to the Bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the Bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.- For the purposes of this section, 'debt or other liability' means a legally enforceable debt or other liability.

**139.** Presumption in favour of holder.- It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature

referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt, or other liability.

૮. આંક ૫ની જુબાનીમાં ફરિયાદી જણાવે છે કે, ફરિયાદી અને આરોપી મિત્રો થતાં હોય આરોપીને હોમ લોન તથા પાક ધીરાણ ભરવાના કામ માટે રુ.બાવીસ લાખની જરૂર પડતા ફરિયાદીએ આરોપીને રુ.૨૨,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલા, આમ આ કામે આરોપી અને ફરિયાદી પરિચયમાં હોઈ ઓળખાણમાં હાથ ઉછીના પૈસા આપવા કાયદેસરનો વ્યવહાર છે અને તેથી તે રકમ કાયદેસર વસુલાતને પાત્ર છે જે પરત મેળવવા ફરિયાદી હકકદાર છે.

આંક ૫ની જુબાનીમાં ફરિયાદી જણાવે છે કે, આ રકમની ઉઘરાણીમાં આરોપીએ ફરિયાદીને એક ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રુ.૧૦,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૧૯૬૮૪ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, ડાકોર શાખાનો આપેલ અને બીજો ચેક તા.૦૧.૦૨.૨૦૨૦ના રોજનો રુ.૧૨,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૦૯૯૯૯ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, થામણા શાખાનો આપેલ, જયારે આંક ૭ તથા ૮ ફરિયાદીની તરફેણમાં આરોપીએ આપેલ અસલ ચેક છે આમ આ કામે આરોપીએ ફરિયાદીને જવાબદારીની અદાયગી માટે વાદગ્રસ્ત ચેક આપેલ છે તે વાત સ્પષ્ટ થાય છે.

આંક ૫ની જુબાનીમાં ફરિયાદી જણાવે છે કે, બન્ને ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા ચેક નં.૦૦૯૯૯૯ અપુરતા ભંડોળના શેરા સાથે તથા ચેક નં.૦૧૯૬૮૪ ડ્રોઅર સીગ્નેચર ડીફરના શેરા સાથે તા.૦૫.૦૨.૨૦૨૦ના રોજ પરત ફરેલ જે અંગે ફરિયાદીએ આરોપીને તા.૦૪.૦૩.૨૦૨૦ના રોજ રજી.પો.એ.ડી.થી નોટિસ આપેલ જે આરોપીએ રીફ્યુઝ કરતા પરત આવેલ, જયારે આ કામે ફરિયાદીએ રજુ કરેલ આંક ૯ તથા ૧૦ બેન્કના રિર્ટન મેમો છે જેમાં ચેક અપુરતા ભંડોળ તથા સીગ્નેચર ડીફરના કારણે પરત ફર્યાનુ બતાવે છે અને આંક ૧૧ આરોપીને અપાયેલ લીગલ નોટીસની ઓફીસ કોપી છે જેમાં વ્યવહારની વિગત જણાવી ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરતા ચેકના નાણાંની માંગણી કરવામાં આવી છે અને આંક ૧૨ આરોપીને નોટીસ કરતા તે રીફ્યુઝ કરતા તેનો અસલ કવર છે, આમ આરોપીને ચેક અપુરતા ભંડોળ તથા સીગ્નેચર ડીફરના કારણે પરત આવતા તેની રકમ ચુકવવાની માંગણી કરવામાં આવી છે જે બાબતની

જાણ આરોપીને છે આમ આ કામે વાદગ્રસ્ત ચેક બિન સ્વીકારાએ પરત આવતા ફરિયાદીએ ચેકની રકમની માંગણી કરતા તે રકમ આરોપીએ નિયત સમયમાં નહિ ચુકવી ધી નેગો.ઈ.એકટ કલમ–૧૩૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનો  કરેલ છે તેમ સ્પષ્ટપણે પુરવાર થાય છે તેથી કામ સજાના મુદ્દે સાંભળવા પર મુલત્વી.

**તા.૦૬.૦૮.૨૦૨૧** **(આઇ.આઇ.પઠાણ)**
**મુખ્ય કોર્ટ, ઉમરેઠ** **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉમરેઠ**
**GJ** 00638

૯. આરોપી તરફે વિ.વ.શ્રીની રજૂઆત છે કે, આરોપી ગરીબ છે અને ગુનાહિત ઈતિહાસ નથી જેથી હળવી સજા કરવા વિનંતી છે.

ઉપરોક્ત રજૂઆતો અને કેસના સંજોગો વિગેરે લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ કરવા પ્રેરાઉ છું.

**<u>હુ ક મ</u>**

આરોપી કીરીટભાઈ ડાહયાભાઈ પરમાર, રહે. ખીજલપુર (તળપદ) માનબા શીલીલાટ ખીજલપુર તા.ઠાસરા, જિ.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૨) અન્વયે નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી બે (૨) વરસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

આરોપીએ ફરિયાદીને ક્રિ.પ્રો.કોડ કલમ ૩૫૭ અન્વયે ચેકની રકમ રુ.૨૨,૦૦,૦૦૦/- (અંકે રુપિયા બાવીસ લાખ) પુરા વળતર તરીકે ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

આરોપીએ કાચા કામના કેદ તરીકે ભોગવેલ સજા મજરે આપવી.

આરોપીને આ ઠરાવની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

સજાના અમલ માટે સજા વોરન્ટ ઈશ્યુ કરવુ.

ઠરાવ આજ તા.૦૬ઠ્ઠી માહે ઓગષ્ટ સને ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

**તા.૦૬.૦૮.૨૦૨૧** (**Iqbalahmed Ikhlashahmed Pathan**)
**મેઈન કોર્ટ, ઉમરેઠ** **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉમરેઠ**
**GJ** 00638